

## @ગાંધીનગર

### આઠમું નોરતું

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બાલનગરી મેદાન સે-૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ગોલ્ડન ચિયર્સ ગરબા રજૂ કરશે.

● સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ઝનકાર મ્યુઝીક ગ્રુપના ગાયક કલ્યાણસિંહ ઝાલા ગરબા રજૂ કરશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રિ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે અર્ચના મ્યુઝીકલ ગ્રુપ દ્વારા ગરબા રજૂ કરાશે.

● નવરાત્રિ સમિતિ સે-૩-ન્યુ ખાતે રાત્રે ૯ કલાકે પંકજભાઈ આહીર દ્વારા ગરબા રજૂ કરાશે.

● સે-૩-બી નવરાત્રી ચોક ખાતે કૃણાલ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રજૂઆત કરાશે.

● સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા રાત્રે ૯ કલાકે જય માતાજી મ્યુજીકલ પાર્ટીના ગાયક વિજયસિંહ વાઘેલા અને અજીતસિંહ ઠાકોર ગરબાની રમઝટ જમાવશે.

● અંબાજી માંડવી પ્રગતિ મંડળ સરઢવ નવરાત્રિ મહોત્સવ દ્વારા માંડવી ચોક સરઢવ ખાતે ઓમકાર મ્યુઝિકલ ગ્રુપના અલ્પેશ દંદુ અને પ્રિયંકા શુકલા ગરબાની રમઝટ બોલાવશે.

● સરઢવ વારાહી પ્રગતિ મંડળ નવરાત્રી મહોત્સવ દ્વારા વારાહી ચોક ખાતે વૈભવી મ્યુઝીકલ ગ્રુપના વૈભવી દવે અને ધીરજ બાણાવળી ગરબા રજૂ કરશે.

● જય બુટ ભવાની મા આંનદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો દેવીબેન ભીખાભાઈ નાઈના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૮૧/૨, સે-૪-એ ખાતે બપોરે ૨ કલાકે યોજાશે.

● લાયન્સ કલબ દ્વારા ચ-૩ ગરબા મેદાન સે-૧૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રાવ ઓરકેસ્ટ્રા ગરબા રજૂ કરશે.

● રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત સવારે ૧૧ કલાસે સે-૨૧ સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે શ્રુતલેખન સ્પર્ધા તેમજ રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ખાતે બપોરે ૧૨ કલાકે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત રંગોળી હરિફાઈ યોજાશે.

● સે-૬-એ અંબાજી માતાજીના મંદિર ખાતે ૩૩૦૦ દિવડાથી મહાઆરતી કરવામાં આવશે.

● વાવોલ ગામમાં મહાકાળી મંદિર પાસે શર્માજીના નિવાસસ્થાને સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સાંજે ૭ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● વાવોલની દ્વારકેશ રેસીડેન્સી ખાતે ૩૫૧ દિવડાથી મહાઆરતી યોજાશે.

- નજાહખાનમ સૈયદ










આશા ભર્યા અમે આવીયા... ગાંધીનગરના સેકટરો ૨૪, ૨૫, ૨૬ તથા ૨૭માં પરંપરાગત શેરી ગરબામાં શ્રધ્ધાળુઓ ભકિતભાવ પૂર્વક ગરબે રમી મા જગદંબાની આરાધના કરવામાં મશગુલ બન્યા છે. દરેક સેકટરની માંડવીએ માતાજીની આરતી કરી યુવાનો વિવિધ સ્ટેપ્સના ગરબા રમી રહ્યા છે. આ સેકટરોમાં નવરાતનો મહિમા એટલો છે કે ભાવિકો નાત જાતના ભેદભાવ ભૂલી માતાજીની ભકિતમાં લીન થવા સદા તત્પર હોય છે. બે તાળીના ગરબા ઉપરાંત આ નવરાત્રી ચોકમાં રાસ અને ત્રણ તાળીનું પણ એટલું જ મહત્વ રહેલું છે. તે પત્યા બાદ છેલ્લે હીંચ લેવી એ દરેક યુવતીઓની ખાસ પસંદ હોય છે. બાળકો તો સનેડો, ભાઈ-ભાઈ અને રેલગાડી વાગે એટલે મસ્તીમાં આવી ઝુમવા લાગે છે. શેરી ગરબામાં પરંપરાગત વસ્ત્રો પહેરવા ફરજીયાત ન હોવા છતાં મોટાભાગના ગરબા રસિકો કેડિયાને ચણિયાચોળી જેવા ડ્રેસ પહેરી ગરબા રમવા પહોંચી જાય છે. અત્યારના આધુનિક સમયમાં સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજનો વચ્ચે હજુ પણ શેરી ગરબા એટલા જ લોકપ્રિય છે તે આ નવરાત્રી પ્રત્યે ભાવિકોની લાગણી કેટલી મજબૂત રીતે ગુંથાયેલી છે તેનું પ્રતિબિંબ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ઝુંડાલ પાસે ભેંસ સાથે ટકરાતા બાઈક સવાર યુવાનનું મૃત્યુ

## બાઈક ચાલક યુવાન હોસ્પિટલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા વિજય માતાપ્રસાદ પ્રજાપતિ અને તેનો મિત્ર અજય સોનુભાઈ ગોસ્વામી બંને બાઈક લઈને ઝુંડાલ રોડ પરથી ગઈ રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં પસાર થઈ રહ્યા હતા ત્યારે ઝુંડાલ ચોકડી પાસે અચાનક રસ્તા વચ્ચે ભેંસ આવી જતા અકસ્માત સર્જાયો હતો. બાઈક ચલાવી રહેલા યુવાન અજય ગોસ્વામીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે જયારે બાઈક પાછળ બેસેલા વિજય પ્રજાપતિનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ તી... આવા તો કેટલાય પ્રાચીન ગરબા સાથે નગરના વડીલો માટે શહેરની સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા સે-૨૧ના મહારાષ્ટ્ર ભવન ખાતે ખાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. શેરી ગરબા અને સંસ્થાકીય આયોજનોમાં યૌવનધન હિલોળે ચઢે છે ત્યારે વયોવૃદ્ધ વડીલો માટે તાલ મિલાવવો અઘરો બને છે એટલે જ તો સિસિકા દ્વારા આયોજિત ગરબામાં વડીલોએ પોતાની આગવી રીતે નવરાત્રીની ઉજવણી કરી હતી અને સાથે સાથે પોતાની જુની યાદોને પણ તાજી કરી હતી.





ગાંધીનગર શહેરના સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામ ખાતે આવેલા વિસત માતાના મંદિરે આજે બપોરના સુમારે મોટી સંખ્યામાં ભાવિ ભકતો આવી પહોંચ્યા હતા. ભકતોએ ગામમાં વાજતે ગાજતે મંદિરે પહોંચી મંદિર પર ૧૫૧ ફુટની લાંબી ધજા ચઢાવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિ ભકતો એકઠા થયા હતા.

# સે-૩-ડીના ગરબામાં વાંકી પાઘલડી અને રંગબેરંગી ચણિયાચોળી છવાઈ

## યુવક મિત્ર મંડળના ટ્રેડીશનલ ડ્રેસના આહવાનને સેકટરના વસાહતીઓએ વધાવી લીધું : ગરબાના તાલે અબાલવૃધ્ધ સૌ કોઈ ઝુમી ઉઠયા





ગાંધીનગર, તા.૧૯

તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે, મને ગમતું રે, હું તો કહું છું રે પાતળીયા તને અમથુ... વાંકી પાઘલડી અને ઘેરદાર ઘાઘરા સાથે પરંપરાગત પરિધાન સે-૩-ડી ની નવરાતમાં છઠ્ઠા નોરતે છવાઈ ગયો હતો.

સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા નવરાત્રી ચોકમાં ખેલૈયાઓને છઠ્ઠા નોરતે માત્ર પરંપરાગત વસ્ત્રોમાં રાસ ગરબા રમવા આહવાન કર્યું હતું. વસાહતીઓએ પણ યુવાનોના આ ઉમંગનો સુંદર પ્રતિભાવ આપતા સેકટરના અબાલ વૃધ્ધ તમામ ગરબા રસિકો ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબા ઘુમવા પહોંચી ગયા હતા. રંગબેરંગી ચણિયાચોળી, લહેરિયા અને ઘેરદાર ઘાઘરા ચોલી સાથે નાની બાળાઓથી માંડીને યુવતિઓ ગરબાના તાલે મન મુકીને ઘુમી હતી. સે-૩-ડીના નવ યુવાનોએ પણ ઘેરવાળા કેડિયા, ભરવાડી ડ્રેસ, ચુડીદાર પાયજામા અને સૂરવાર ઝભ્ભા પહેરી નવરાતમાં નવરંગની જમાવટ કરી હતી. કેડિયા સાથે અવનવી ફૂમતેદાર પાઘડીઓને ચણિયાચોળી સાથે ગુંથેલા ઘરેણાએ અનોખી જુગલબંદી બનાવી હતી. સમગ્ર ગરબા ચોકમાં આનંદ અને ઉલ્લાસનો માહોલ છવાયો હતો અને સંપૂર્ણ પારીવારિક વાતાવરણમાં તમામ ખેલૈયાઓએ રાસ ગરબા રમી આદ્ય શકિત મા જગદંબાની આરાધના કરી હતી.

# સે-૭ સ્થિત દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૭ ખાતે સ્થિત દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. બેંકની બાજુમાં સ્થિત એટીએમ જે દુકાનમાં પડયું છે તેનું શટર તોડીને તસ્કરો અંદર ઘુસ્યા પરંતુ એટીએમ હજુ કાર્યરત ન થયું હોવાથી ચોરોની મહેનત માથે પડી હતી. ત્યાર બાદ બેંકમાં બારીની ગ્રીલ કટર વડે કાપીને ઘુસ્યા. પરંતુ કાંઈ જ કિંમતી ચીજવસ્તુ કે રોકડ હાથ ન લાગતા અંતે સીસીટીવી ફુટેજ જયાં સ્ટોર થાય તે ડીવીઆર મશીનની ઉઠાંતરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતાં. સે-૭ પોલીસે બેંક મેનેજરની ફરીયાદ ચોર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

**બેંકમાં એલાર્મ સિસ્ટમ લગાડવામાં આવેલ છે પરંતુ અલાર્મ પણ વાગ્યું ન હતું. જેથી આશ્ચર્યમાં મુકાયેલ બેંક મેનેજરે તપાસ કરી ત્યારે ધ્યાને આવ્યું કે ગ્રીલ તોડીને અંદર ઘુસેલા તસ્કરોએ એલાર્મનો કેબલ જ કાપી નાંખેલો હતો.**

ગુજરાત દેના ગ્રામીણ બેંકની સેકટર-૭ ખાતે સ્થિત શાખાને સ્ટાફે શનિવારે સાંજે છ વાગ્યાના અરસામાં તાળુ લગાવ્યું હતું. રવિવારની રજા બાદ આજે સોમવારે સવારે સ્ટાફનો એક વ્યકિત મુકેશ સાફ સફાઈ માટે બેંક પાસે આવ્યો ત્યારે તેનું ધ્યાન ગયું કે બેંકની બારીની ગ્રીલ તુટેલી છે. તાત્કાલીક મુકેશે બેંક મેનેજરને જાણ કરતાં બેક મેનેજર તથા સ્ટાફ દોડી આવ્યા હતા. બેંકની પાસેની ઉંચી દિવાલ નીચે પથ્થરોનું પગથીયું બનાવીને દીવાલ કુદીને અંદર ઘુસેલા તસ્કરોએ એટીએમની દુકાનનું શટર તોડયું હતું. જો કે એટીએમ હજુ કાર્યરત ન થયું હોવાથી રૂપિયા જ ન હતાં. એટીએમ નું શટર તોડવાની મહેનત માથે પડયા બાદ તસ્કરોએ






બેંકની બારીની ગ્રીલ કટર મશીનથી કાપી નાંખી હતી.આ ગ્રીલની જગ્યામાંથી અંદર ઘુસીને તસ્કરોએ માતબર રકમ ઉપાડી લેવા પ્રયત્નો કર્યા પરંતુ કાંઈ હાથે ન લાગતા આખરે સીસીટીવી ફુટેજ સ્ટોર થાય તે ડીવીઆર મશીન ચોરી કરીને ભાગી ગયા હતાં. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતા સે-૭ પીએસઆઈ બોડાણા બનાવ સ્થળે એફએસએલ અને ડોગ સ્કવોર્ડ સાથે પહોંચી ગયા હતા અને તસ્કરો સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતવાતમાં

● નવરાત્રી અંતિમ ચરણમાં પહોંચતા શેરી ગરબામાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે. નગરના ભાવિકો મા જગદંબાની આરાધનામાં તલ્લીન થઈ સેકટરોની માંડવીએ ગરબે ઘુમી રહ્યા છે.

● વાવોલની વૈદેહિ રેસીડેન્સીમાં યોજાયેલ પરંપરાગત નવરાત્રીની ઉજવણી દરમિયાન સોસાયટીના કેટલાક યુગલોએ અનોખી વેશભૂષા કરી સૌને અચંબિત કરી દીધા હતા. આ યુગલોના પુરુષોએ મહિલાઓનો અને મહિલાઓએ પુરુષોનો વેશ ધારણ કર્યો હતો.

● સે-૪માં ઓમકારેશ્વર મહાદેવ ખાતે નવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ રહી છે. જો કે આ ઉજવણી દરમિયાન ઉપસ્થિત રહીશો દ્વારા મંદિર સંકુલ પાસે પાણીના પાઉચ, પ્લાસ્ટિકના કપ વગેરે ફેંકી ગંદકી કરાઈ રહી છે તેની સફાઈ કરવી જરૂરી બન્યું છે.

● નવરાત્રીના સમયગાળામાં દારૂના શોખીનોની વધેલી માંગના પગલે ભાવમાં બે થી અઢી ગણો વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે. મા જગદંબાની ભકિતમાં રસતરબોળ થવાને બદલે રાહ ભૂલેલા મુઠ્ઠીભર વ્યસનીઓના કારણે તહેવાર બદનામ થાય છે.

● આજે સવારે ચ-૨ સર્કલ પાસે અજાણ્યા વાહનની ટકકરે એક વાનરનું મોત નીપજયું હતું. રસ્તા પર પડેલા મૃત વાનર દેહને જોઈ પર્યાવરણ પ્રેમી નગરજનોને અરેરાટી ઉપજી હતી.

● ન્યુ ગાંધીનગરમાં ધાર્મિક તહેવારોના પગલે ગાયને ઘાસ નીરવાનો મહિમા વધ્યો છે. કુડાસણ વિસ્તારમાં અનેક ગોપાલકો ગાય સાથે ઘાસ લઈને રહીશોને દાન ધર્મ કરવાનો મોકો પુરો પાડી રહ્યા છે અને પોતાના ખિસ્સા ભરી રહ્યાં છે.

● તહેવારોના કારણે નગરમાં ફુલોની માંગમાં પણ વધારો નોંધાયો છે. આ કારણે નગરના સર્કલો અને રાજમાર્ગો પર ફુલોનું વેચાણ કરતી રેંકડીઓ ઠેર ઠેર ફરતી જોવા મળી રહી છે.

● શહેરના ઘ-૬ સર્કલ પાસે સવારે એક સરકારી જીપ ગાડી રોડ ડીવાઈડર પર ચઢી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં વાહનને નજીવું પરંતુ સર્કલને ઘણું બધું નુકશાન થવા પામ્યું હતું.

● નગરમાં નવરાત્રીના માહોલના પગલે રવિવારે ટેલિવીઝન સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો ચાલુ થયેલ નવો શૉ જોવાનું પણ નગરજનોએ ટાળ્યું હતું.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# આજે મા દુર્ગાના આઠમા સ્વરૂપ 'મહાગૌરી'નું પૂજન

## 'મહાગૌરી'નું આ સ્વરૂપ અન્નપુર્ણા, ઐશ્વર્યપ્રદાયની, ચૈતન્યમયી અને ત્રૈલોકયપૂજયા તરીકે પણ પૂજનીય છે

ગાંધીનગર, તા.૧૯

પૃથ્વી ઉપર કલીયુગમાં જગત જનની જગદંબાની આરાધના મનુષ્યો માટે અતિલાભદાયક નવરાત્રી પર્વ દરમિયાન બને છે. દેવો પણ આ શકિત સ્વરૂપને પ્રસન્ન કરવા નવરાત્રીમાં પૂજા કરતા હતા ત્યારે મા શકિતના મંગલપર્વમાં થઈ રહેલી પૂજા અર્ચનામાં આજે આઠમા સ્વરૂપ 'મહાગૌરી'નું પૂજન થશે. ભકિતભાવપુર્વક પુર્ણ શ્રધ્ધાથી મા દુર્ગાની આ આઠમી શકિત 'મહાગૌરી'ના પુજનથી સાધકને ધન-વૈભવ અને સુખ શાંતિની પ્રાપ્તિ થાય છે.

આદ્યશકિત મા ભગવતીના આ આઠમા સ્વરૂપ 'મહાગૌરી'ને અન્નપુર્ણા, ઐશ્વર્યપ્રદાયિની, ચૈતન્યમયી અને ત્રૈલોકયપૂજયા તરીકે પણ પૂજન થાય છે. દેવી મહાગૌરી એ ભગવાન શિવને પામવા કઠોર તપસ્યા કરી હતી. જેમાં તેમનો વર્ણ કાળો થઈ ગયો હતો



પરંતુ દેવીની તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ઠ મહાદેવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયુ હતુ ત્યારે તેમનો વર્ણ વિદ્યુત પ્રભાની જેમ અત્યંત કાંતિમાન અને શ્વેત થઈ ગયો હતો અને ત્યારથી તેઓ 'મહાગૌરી' તરીકે પૂજનીય થયા હતા. 'મહાગૌરી' શારિરીક-માનસિક અને સંસારીક તાપને હરણ કરવાવાળી દેવી પણ ગણાય છે. આ દેવીની શકિત અમોઘ છે અને તે સદ્યઃ ફલદાયીની છે. મા ની ઉપાસનાથી આ જન્મના જ નહી પરંતુ પુર્વ જન્મના પાપ પણ ધોવાય છે. મહાગૌરીના ઉપાસક પવિત્ર અને અક્ષયપુણ્યોના અધિકારી બને છે.

મા મહાગૌરીનો વર્ણ પુર્ણ પણે શ્વેત છે અને માતાજીના આ ગૌર વર્ણની ઉપમા શંખ, ચંદ્ર અને કુંદના ફુલો સાથે કરાઈ છે. માતાજીના તમામ વસ્ત્રો અને આભુષણો શ્વેત છે. મસ્તક ઉપર ચંદ્રનો મુગટ ધારણ કર્યો છે અને તેમનું વાહન વૃષભ એટલે બળદ છે. દેવીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં ત્રિશુલ છે જયારે ઉપરના ડાબા હાથમાં ડમરૂ અને નીચેના હાથમાં વરમુદ્રા છે. દેવીમાતા શાંત મુદ્રામાં બિરાજમાન છે જેમના સ્મરણ માત્રથી ભકતોને અપાર ખુશીઓ મળે છે. મહાગૌરી ધન, વૈભવ અને સુખ શાંતિની અધિષ્ઠાત્રી દેવી તરીકે પણ પુજાય છે. આ દેવી સુમધુર ગીત-સંગીતથી અતિ પ્રસન્ન બને છે. વિધિવિધાનપુર્વક માતા મહાગૌરીનું પુજન કરવાથી સાધકનું 'બિંદુચક્ર' જાગ્રત થાય છે અને તમામ સંકટોમાંથી તે મુકત થાય છે. જગદંબાના દરેક સ્વરૂપોના પૂજન જુદા જુદા ફળ સાધકોને આપી સંસારના સઘળા દુઃખમાંથી મુકિતના ઉપાય સુચવે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)


### નવરાત્રી પર્વની આઠમ મંગળવાર બપોર પછી શરૂ થશે

#### આઠમ બુધવાર બપોરના ૧.૩૦ સુધી ગણાશે, ત્યાર બાદ મહાનવમી શરૂ થશે

ચાલુ વર્ષે મંગલપર્વ નવરાત્રીમાં તિથિઓના મેળાપ થવાથી આઠમ, નોમ અને દશેરા અંગે શ્રધ્ધાળુઓમાં અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. પરંતુ પંચાગ અનુસાર આઠમ અને નોમ ભેગા છે તેથી આઠમ મંગળવારના રોજ બપોર પછી શરૂ થશે અને બુધવાર બપોર સુધી ગણાશે અને ત્યારબાદ મહાનવમી શરૂ થશે.

નવરાત્રી પર્વની શરૂઆતમાં જ બે એકમ ભેગી ગણાઈ હતી. ત્યારબાદ આજે મંગળવારના રોજ મહાઅષ્ટમી એટલે દુર્ગાષ્ટમી (આઠમ) અને નોમ ભેગા આવ્યા છે જે અંગે તલોદના કર્મકાંડી જયોતિષ ભરતકુમાર કે. શાસ્ત્રીએ જણાવ્યું છે કે પંચાગ અનુસાર આજે મંગળવારે બપોરે ૨ વાગીને ૧૫ મીનીટથી આઠમ શરૂ થઈ જશે અને બુધવાર બપોરના એક વાગીને ત્રીસ મીનીટ સુધી રહેશે જેથી નવરાત્રીના સળંગ દિવસો ગણનાર મંગળવારે હોમ હવન કરશે જયારે તિથી મુજબ પર્વની ઉજવણી કરનાર બુધવારે સવારે હોમ હવન કરી શકશે. ત્યાર બાદ એટલે કે બુધવાર ૧.૩૦ પછી મહાનવમી શરૂ થાય છે જેથી બુધવારે નૈવેધ કરી શકાય અને તેજ દિવસે નોમનો ચંદ્ર ઉગી જાય છે વધુમાં નવરાત્રીની પુર્ણાહુતી જે નોમના દિવસે કરતા હોય તેઓ બુધવારે વિસર્જન કરી શકે છે અને બીજા દિવસે વિજયા દશમી ગણાય છે જો કે તીથી મુજબ નવરાત્રી કરનાર વિજયા દશમી એટલે કે ગુરુવાર સવારે નૈવેધ કરી વિસર્જન કરી શકે છે.

આમ તિથિઓ અને દિવસો મુજબ અલગ અલગ રીતે આઠમ-નોમની ઉજવણી કરી શકાતી હોય છે.



જેના નામ પરથી આ દેશનું નામ પડયું છે તેવા મહાપરાક્રમી રાજા ભરતે પોતાની બાલ્યાવસ્થામાં સિંહ પાસે જઈને કહ્યું હતું કે 'ખોલ તારું મોં, મારે તારા દાંત ગણવા છે.' બાળકોમાં શૂરવીરતાના પાઠ ભણાવતા આ પ્રસંગને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના સે-૧૯ પાસે સુંદર પ્રતિકૃતિ ધરાવતું સર્કલ વિકસાવાયું છે. આ સર્કલની આસપાસ ફુવારા પણ ચાલુ કરતા ખૂબ જ નયનરમ્ય દશ્ય સર્જાય છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

### ચિરવિદાય

- સ્વ. મનુજી કેશાજી વાઘેલા, ઉ.વ. ૫૬
- સ્વ. પાયલ ધનજીભાઈ નાડીયા, ઉ.વ ૨૦
- સ્વ. જયેશ રામાભાઈ નાડીયા, ઉ.વ. ૨૨
- સ્વ. રમતુજી મેરાજી ઠાકોર, ઉ.વ. ૬૫